**IN THE COURT OF ADD.CHEIF METROPOLITAN MAGI.COURT NO.1 AT.AHMEDABAD**
**CRIMINAL CASE NO.3670/2021**

**order below Exh.1**

(૧) પોલીસ દ્વારા દાખલ ચાર્જશીટ અને કેસપેપર્સ વંચાણે લીધા. સદરહુ કેસમાં ત.ક.અધિ.શ્રીએ તપાસના અંતે આરોપી સામે ઇ.પી.કો.કલમ–૧૮૮ સાથે ગુજરાત પોલીસ એકટની કલમ–૧૩૧ મુજબનું ચાર્જશીટ કરેલ છે

(૨) આરોપી સામે ઇ.પી.કો.કલમ–૧૮૮ મુજબના ગુનાનો આક્ષેપ છે જે ગુનો જે કોગ્નીઝેબલ છે.જયારે ગુજરાત પોલિસ એકટની કલમ–૧૩૧ તળેનો ગુનો નોન કોગ્નીઝેબલ છે આમ જયારે એક ગુનો કોગ્નીઝેબલ અને બીજો નોન કોગ્નીઝેબલ હોય ત્યારે સમગ્ર ગુનો કોગ્નીઝેબલ છે તે રીતે એફઆઇઆર દાખલ થાય તેમજ સાથે ચાર્જશીટ પણ થઇ શકે તેવું કાયદાથી પ્રસ્થાપિત કરેલ છે અને સેટલ લો છે.

(૩) હવે આ કામે આરોપી સામે ઇ.પી.કો કલમ–૧૮૮ મુજબના ગુનાનો આક્ષેપ છે ત્યારે આ કામે ક્રિ.પો.કોડની કલમ–૧૯૫ વંચાણે લેતા ઇ.પી.કો.કલમ–૧૭૨ થી ૧૮૮ તળેના ગુનાઓ માંટે ત્યાં સુધી ગુનાનું કોગ્નીઝન્સ લઇ શકાય નહી જયાં સુધી આ ગુનાની ફરિયાદ સંબંધિત રાજય સેવક કે અધિકારી કે વહીવટી અધિકારી તરીકે ફરિયાદ ન કરે. સદરકેસમાં ચાર્જશીટ કરેલ છે જેમાં પોલીસ કમિશ્નરશ્રીના જાહેરનામાના હુકમનો ભંગ થયેલ છે પરંતુ પોલિસ કમિશ્નરશ્રી કે તેમના ઉપરી અધિકારી દ્વારા ફરિયાદ થયેલ નથી. આ કામે હવે ૧૯૬૨ એસ.સી.પેજનં.૧૨૦૬ (નામ. સુપ્રિમકોર્ટ) પરનો દોલતરામ વિ.સ્ટેટ ઓફ પંજાબના ચુકાદામાં ઠરાવ્યા મુજબ મેજીસ્ટ્રેટ દ્વારા પોલિસ રીપોર્ટ ઉપરથી કોગ્નીઝન્સ લઇ તકસીરવાન ઠરાવેલ પરંતુ ક્રિ.પો.કોડની કલમ–૧૯૫ નો બાધ્ હોઇ તેથી તે સજા મેજીસ્ટ્રેટની હકુમતવિનાની ગણાય જેથીકાર્યવાહી મુળથી જ વ્યર્થ ગણાય એટલે કે ab intio void ગણાય. વધુમાં ૧૯૯૯ સીઆરએલજે પેજન.૧૨૪૪ (નામ.ગુજરાત હાઇકોર્ટ) રામજી ભીખા કોળી વિ. સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદામાં ઠરાવ્યા પ્રમાણે લેખિત ફરિયાદ હોવી જોઇએ જો ન હોયતો ક્રિ.પો.કોડની કલમ–૧૯૫ નો બાધ્ નડે જે કેસમાં ફરિયાદપક્ષને નવી રીતે કાર્યવાહી કરી શકશે તેવુ ઠરાવેલ .વધુમાં ૨૦૦૬(૦) સુપ્રિમ (પટના) પેજનં.૧૧૧૬ યાદવ વિ. સ્ટેટ ઓફબિહારના ચુકાદામાં ઠરાવ્યા પ્રમાણે, રાજય સેવક કે અધિકારીના હુકમનો ભંગ થયેલ હોય ત્યારે રાજય સેવક કે વહીવટી અધિકારીએ ફરિયાદ કરવી પડે તેના તાબા હેઠળના અધિકારી ફરિયાદ ઓથોરાઇઝ તરીકે શકે નહી.

(૪) હવે આ કામે સદરહુ કેસમાં ત.ક.અધિ.શ્રીએ તપાસના અંતે આરોપી સામે ગુજરાત પોલીસ એકટની કલમ–૧૩૧ મુજબનું ચાર્જશીટ કરેલ છે તે અંગે જોતાં, ગુજરાત પોલીસ એકટ અસ્તિત્વમાં આવેલ તે પહેલા બોમ્બે પોલિસ એકટ અમલામાં હતો હવે આ કામે ગુજરાત પોલિસ એકટની કલમ–

૬૨ વંચાણે લેતા કોઇ વ્યકિત તે વિસ્તાર છોડી જાય નહી અથવા તેને હાંકી મુકયા પછી પ્રવેશ કરે તે પ્રસંગે કામ કરવાની જોગવાઇ વંચાણે લેતાં પોલિસ વગર વોરંટે તે વ્યકિતની ઘરપકડ કરી શકે તે જરીતે કલમ–૭૨ મુજબ પોલીસને તેમાં જણાવેલ પ્રસંગે વગર વોરંટે ઘરપકડ કરવાની સત્તા રહેલ છે અને કલમ–૭૯ મુજબ તેમની હાજરીમાં કલમ–૩૯ કે ૪૦ કે ૧૧૭ કે ૧૩૧ ના પેટે ખંડ(૧)(૪) કે ૧૩૫ ના ખંડ(૧) મુજબનો ગુનો બનતો હોય ત્યારે તે અટકાવવાના ભાગરૂપે ઘકપકડ કરી શકે. હવે ગુજરાત પોલિસ એકટની જોગવાઇઓ ઘ્યાને લેતાં ઉપરોકત ગુનાઓ કોગ્નીઝેબલ છે કે નોનબેઇલલ છે તે મતલબની ઉપરોકત કિસ્સાઓમાં ઘરપકડ કરાવેલ વ્યકિત અંગેના ટ્રાયલ અંગે કોઇ જોગવાઇ ગુજરાત પોલિસ એકટમાં કરેલ નથી. વધુમાં આ કામે ગુજરાત પોલિસ એકટની કલમ–૯૦–(ક) કે જયારે કોઇ ઢોરને રસ્તામાં ભટકવા દે કે ખાનગી કે સાર્વજનિક મિલકતમાં તેને અપ્રવેશ કરાવે તે અંગેના ગુનાની શિક્ષાની જોગવાઇ જોતાં તે પોલિસ અધિકારનો ગુનો છે.તેજ રીતે કલમ–૧૧૮ ઢોર વગેરેને પુરી ન રાખે તે અંગેની જોગવાઇ રહેલ છે જે કલમ–(૧–ગ)મુજબ તે પણ પોલિસ અધિકારનો ગુનો ગણાશે. જયારે કલમ–૧૪૩(ખ) ભયજનક પ્રયોગ કરવા અંગે છે તે પણ પોલિસ અધિકારનો ગુનો છે. આમ ઉપરોકત ત્રણ ગુનાઓ કોગ્નીઝેબલ એટલે કે પોલિસ અધિકારના છે જયારે બાકીના ગુનાઓ અંગે કોઇ સ્પષ્ટતા નથી.

(૫) આમ જયારે હવે ગુજરાત પોલિસ એકટમાં હવે કોઇ જોગવાઇ ન હોય ત્યારે ક્રિ.પો.કોડની કલમ–૪ માં જણાવ્યા પ્રમાણેની જોગવાઇઓ લાગુ પડે. હવે જયારે ક્રિ.પો.કોડની જોગવાઇ લાગુ પડે હવે જયારે ક્રિ.પો.કોડની જોગવાઇઓ લાગુ પડતી હોય ત્યારે આ ગુનો બેલલેબલ છે કે નોન બેઇલેબલ છે? અગર તો કોગ્નીઝેબલ છે કે નોન કોગ્નીઝેબલ છે તે અંગે બે પરિશિષ્ઠ આપેલ છે જેમાં પ્રથમ પરિશિષ્ઠ તે આઇપીસીના લગતા ગુનાઓ અંગે છે જયારે પરિશિષ્ઠ બે (૨) તે અન્ય કાયદાઓને લગતી કોઇ સ્પેશીફીક જોગવાઇ ન હોય ત્યારે તે લાગુ પડે. હવે આ કામે પુનરાવર્તનના દોષ સાથે જણાવવાનુ કે ઉપરોકત ગુના અંગે કોઇ ગુજરાત પોલિસ એકટમાં જોગવાઇ નથી ત્યારે ક્રિ.પો.કોડની જોગવાઇઓ લાગુ પડે ત્યારે પરિશિષ્ઠ –૨ હાલના કેસમાં લાગુ પડે ત્યારે પરિશિષ્ઠ –૨ ની આઇટમનં. ૩ વંચાણે લેતાં તે નીચે મુજબ છે.

| ગુનો | પોલિસ અધિકારનો કે પોલિસ અધિકાર બહારનો | જામીની કે બિન જામીની | **કઇ કોર્ટથી ઇન્સાફી કાર્યવાહી કરી શકાય.** |
|---|---|---|---|
| ૩ વર્ષથી મુદ્દતની કેદની, અથવા માત્ર દંડની શિક્ષાને પાત્ર ગુનો હોયતો | પોલિસ અધિકાર બહારનો | જામીની | કોઇપણ મેજિસ્ટ્રેટ |

(૬) આમ હવે , ઉપરોકત ગુનો છે તે ગુજરાત પોલિસ એકટની કલમ–૧૩૧ નો છે જે ગુનાની સજાની જોગવાઇ મુજબ ૧ વર્ષ સુધીની રહેલ છે તે બરાબર છે. પરંતુ ઉપરોકત ગુનો હવે શીડયુલ ૨ વંચાણે

લેતાં, જામીન છે તેમજ પોલિસ અધિકાર બહારનો(નોન કોગ્નીઝેબલ) છે હવે આ કામે પોલિસને સંજોગ મુજબ અટક કરવાની સત્તા હોઇ તેથી કરીને તે ગુનો કોગ્નીઝેબલ બની જાય નહી તેમ હું માનુ છું. ત્યારે હવે ફરીવાર ક્રિ.પો.કોડની કલમ–૧૫૫(૨) આ કેસમાં લાગુ પડે.

પરંતુ ઉપર પેરા–૨ માં જણા વ્યા પ્રમાણે આરોપી સામે ઈપીકો કલમ–૧૮૮ મુજબનો આક્ષેપ છે જે ગુનો કોગ્નીઝેબલ છે પરંતુ જયારે મુખ્ય ગુનો કોગ્નીઝેબલ હોય જે ચાર્જશીટ થઇ પરંતુ મુળ ગુનાના કામે જયારે લેખિત ફરિયાદ હોવી જોઇએ જો ન હોયતો ક્રિ.પો.કોડની કલમ–૧૯૫ નો બાધ્ નડે જે કેસમાં ફરિયાદપક્ષને નવી રીતે કાર્યવાહી કરી શકશે તેવુ ઠરાવેલ છે.

આમ સદરકેસમાં ક્રિ.પો.કોડની કલમ–૧૯૫ મુજબનો બાધ નડતો હોઇ જેથી હવે ચાર્જશીટ આધારે આરોપી સામે કાર્યવાહી કરી શકાય નહી. જેથી ચાર્જશીટને દફતરે કરવાનો હુકમ કરવામા આવે છે.આ તબક્કે સ્પષ્ટતપા કરવામાં આવે છે કે, પોલિસ કાયદા મુજબ કાર્યવાહી કરી શકશે.

હુકમ આજ રોજ તા.૧૦/૦૭/૨૦૨૧ ના રોજ માં સ્પેશીયલ સીટીંગ/ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**Date . 10/07/2021**
**Place :**
**SPECIAL SITTING ,**
**AHMEADABAD**

**UTTAMKUMAR NARAYANDAS SINDHI**
**GJ-00741**
**ADDL.CHIEF METROPOLITAN MAGI.**
**COURT NO.1,AHMEADABAD**